# <u>સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત</u>

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત **<u>સર પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત</u>** મા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર ની કચેરી દ્વારા નીચે મુજબની જગાઓ સીધી ભરતીથી ભરવા માટે એન. ઓ. સી. આપવામાં આવે છે. જે અનુસંધાને મંડળ નિયત લાયકાત અને યોગ્યતા ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીપત્રકો મંગાવે છે.

**ગ્રુપ - B**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કેટેગરી | મંજુર જગ્યા | લાયકાત | એન. ઓ. સી. ક્રમાંક |
|---|---|---|---|---|---|---|
| ૧ | Admin-07 | ગેસ મિકેનિક | બિનઅનામત – (Open) | ૧ | ડિપ્લોમા ઈન મિકેનીકલ એન્જીનીયરીંગ | કવટ/ISC3/વર્ગ – ૩/NOC/૨૦૬૪૪-૪૩ તા. ૨૩/૦૯/૨૦૨૫ |
| ૨ | Admin-08 | પ્લાન્ટ કલેક્ટર | બિનઅનામત – (Open) | ૧ | બોટની વિષય સાથે સ્નાતક | |
| ૩ | Admin-09 | ઈલેક્ટ્રીશીયન | બિનઅનામત – (Open) | ૧ | સરકાર માન્ય ITI થી ઈલેક્ટ્રીશયન/વાયરમેનનો સર્ટીફિકેટ કોર્ષ અથવા Diploma in Electrical હોવા જોઈએ. | |

આ માટે ઉમેદવારોએ https://ptsciencent.samarth.edu.in/index.php/site/login વેબસાઈટ પર તા. ૦૨/૦૧/૨૦૨૬ (૦૦:૦૦ ક્લાક થી) તા. ૩૧/૦૧/૨૦૨૬ (૨૩-૫૯ ક્લાક) દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન કરેલ અરજી ફોર્મ સાથે જરૂરી આધારોની સ્વયંપ્રમાણિત નકલો **<u>મંત્રીશ્રી, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, એમ. ટી. બી. કોલેજ કેમ્પસ, જવાહરલાલ નહેરૂ માર્ગ, અઠવાલાઈન્સ, સુરત – ૩૯૫૦૦૧</u>** ને ફક્ત સ્પીડપોસ્ટ દ્વારા તા. ૧૦/૦૨/૨૦૨૬ ને સાંજે ૫:૦૦ ક્લાક સુધીમાં મળે તે રીતે અરજી કરવા જણાવવામાં આવે છે.

અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ આપેલ વેબસાઈટ https://ptsciencent.samarth.edu.in/index.php/site/login પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે વેબસાઈટ અચુક જોતા રહેવું.

(૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ સમગ્ર જાહેરાત ઓન-લાઈન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

(૨) ઓન-લાઈન અરજી કરતી વખતે ઉમેદવારે નીચે મુજબના પ્રમાણપત્રો જોડવાના રહેશે.

**ગેસ મિકેનિક માટે :**

- ધોરણ – ૧૦ ની માર્કશીટ
- ડિપ્લોમા ઈન મિકેનીકલ એન્જીનીયરીંગની માર્કશીટ (તમામ સેમેસ્ટરની માર્કશીટની એક જ PDF બનાવવી)
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

**પ્લાન્ટ કલેક્ટર માટે :**

- ધોરણ – ૧૦ ની માર્કશીટ
- ધોરણ – ૧૨ ની માર્કશીટ
- સ્નાતક કક્ષાની માર્કશીટ (તમામ સેમેસ્ટરની માર્કશીટની એક જ PDF બનાવવી)
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

**ઈલેક્ટ્રીશીયન માટે :**

- સરકાર માન્ય ITI થી ઈલેકટ્રીશયન/વાયરમેન નું સર્ટીફિકેટ (લાગુ પડતું હોય તો)
- ધોરણ – ૧૦ ની માર્કશીટ (લાગુ પડતું હોય તો)
- Diploma in Electrical (તમામ સેમેસ્ટરની માર્કશીટની એક જ PDF બનાવવી) (લાગુ પડતું હોય તો)
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન-લાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી “રદ” થવા પાત્ર બને છે.

નોંધ :

(૧) અનામત વર્ગના ઉમેદવારો બિન- અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગું પડશે.

## ૨. રાષ્ટ્રીયતા:

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.

**૩. (૧) વયમર્યાદા:**

- ગેસ મિકેનિક

  ૧. ઉમેદવારે છેલ્લી તારીખ અર્થાત ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ ઉમેદવારે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ૩૩ વર્ષ થી વધું ન હોવી જોઈએ

- પ્લાન્ટ કલેકટર

  ૧. ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

  ૨. ઉમેદવારે છેલ્લી તારીખ અર્થાત ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ ઉમેદવારે ૨૦ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ૩૫ વર્ષ થી વધું ન હોવી જોઈએ

- ઈલેકટ્રીશયન

  ૧. ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

  ૨. ઉમેદવારે છેલ્લી તારીખ અર્થાત ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ ઉમેદવારે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ૩૩ વર્ષ થી વધું ન હોવી જોઈએ

**૩. (૨) વયમર્યાદામાં છૂટછાટ:**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | – |

**૪. શૈક્ષણિક લાયકાત:-**

- ગેસ મિકેનિક

(૧) A Candidate_should possess Diploma in Mechanical engineering from any of the Universities established or incorporated by or under the central or a State Act in India, or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956.

- પ્લાન્ટ કલેકટર

(૧) A Bachelor's degree in **Botany** subject obtained from any of the Universities established or incorporated by or under the central or a State Act in India, or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956.

- ઈલેકટ્રીશયન

(૧) Minimum two years certificate course of Wireman or Electrician obtained from any of the Industrial Training Institutes established or recognized by the Government;

OR

A Candidate should possess Diploma in Electrical degree from any of the Universities established or incorporated by or under the central or a State Act in India, or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956.

(૨) The Candidate appointed by direct selection shall require to get himself registered with the Secretary Licensing Board of Energy and Petrochemicals Department of the Government of Gujarat at the time of appointment, if he is not so registered.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગો અંગેની પાયાની જણકારી ધરાવતો હોવો જોઈશે.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

## <u>૫. કોમ્પ્યુટરની જાણકારી</u>

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/03/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦3૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ- ૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

## ૬. શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા / વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ :-

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને અન્ય જરૂરી લાયકાત માટે તા. ૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૭. પગાર ધોરણ:-

નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ ના તથા તા. ૨૯/૦૪/૨૦૧૦ અને તા. ૦૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક – ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : ખરચ - ૨૦૦૨-૫૭-(પાર્ટ-૨) ઝ.૧ તથા છેલ્લે નાણાં વિભાગના તા. ૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક – ખરચ – ૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ. ૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ નિમાયેલ ઉમેદવારો પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગારધોરણમાં નિયમિત નિમણૂંક મેળાવવાને પાત્ર થશે.

| ક્રમ | સંવર્ગ (વર્ગ-૩) | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|
| ૧. | ગેસ મિકેનિક | રૂા. ૨૬,૦૦૦/- |
| ૨. | પ્લાન્ટ કલેકટર | રૂા. ૨૬,૦૦૦/- |
| ૩. | ઈલેકટ્રીશ્યન | રૂા. ૨૬,૦૦૦/- |

## ૮. પરિક્ષા ફી:

| | **બિન અનામત** |
|---|---|
| પરિક્ષા ફી | રૂ. ૫૦૦/- |

(૧) તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની પરીક્ષા ફી ઓનલાઈન માધ્યમથી જ ભરવાની થાય છે.
(૨) પરીક્ષા માટેની ફી ઓનલાઈન માધ્યમ સિવાયના અન્ય કોઈપણ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
(૩) પરીક્ષા ફી નહીં ભરતા ઉમેદવારની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારનું અરજી ફોર્મ કોઈપણ જાતની જાણ કર્યા વગર મંડળ "રદ" કરી શકશે.
(૪) મંડળ દ્વારા અરજી રદ થયાના કિસ્સામાં પણ ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફી પરત મળવાપાત્ર (રિફંડ) રહેશે નહીં.

## ૯. પરીક્ષા પદ્ધતિ: -

સંસ્થા દ્વારા નિયત સમયમર્યાદામાં સ્પીડ – પોસ્ટ દ્વારા મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સિધી ભરતીથી જગ્યાઓ

ભરવા માટે ઠરાવેલી પરીક્ષા પધ્ધતિ અનુસાર, પરીક્ષા એક તબક્કામાં હેતુલક્ષી MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નોવાળી OMR (Optical Mark Recognition) પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. :આ પરીક્ષાPart-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનુ લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે.)

PART-A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| ૩ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

PART-B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૨૦ |

- Part – A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part – B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પુછવામાં આવશે. Part – A નો વિગતવાર અભ્યાસક્રમ આ સાથે સામેલ Appendix-A મુજબનો રહેશે.
- Part – A અને Part – B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.
- પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૨૧૦ ગુણની રહેશે.
- MCQ (Multiple Choice Question) માં કુલ- ચાર વિકલ્પો (A, B, C, D) આપવામાં આવશે. આ ચાર વિકલ્પોમાંથી ઉમેદવારે પ્રશ્નનો સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. કોઈ પ્રશ્નના સાચા જવાબ બાબતે વિવાદ ઉભો થાય તે કિસ્સામાં પ્રશ્નનો વધુ નજીકનો જવાબ/સંસ્થા દ્વારા માન્ય રાખેલ જવાબ આખરી ગણવાનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ કિસ્સામાં ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે પરંતુ વિકલ્પ પસંદ ન કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.

**<u>૧૦. લઘુત્તમ લાયકી ધોરણ:-</u>**

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું લઘુત્તમ લાયકી ધોરણ (Qualifying Standard) પ્રશ્નપત્ર દીઠ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવતાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમા કોઈપણ કેટેગરીના

ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહિ.

**૧૧. પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-**

(૧) ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રિલીમીનરી પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે ગ્રુપ B માટેની મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૨) મંડળ દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી -ધોરણ મુજબ ભરવાની થતી જગ્યાના આધારે ગ્રુપ B માટે આખરી પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. તેમજ જે ઉમેદવારો મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેલ પરંતુ પસંદગી યાદીમાં સ્થાન મેળવી શકેલ નથી તેવા અસફળ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

**૧૨. અગત્યની સૂચનાઓ -:**

(૧) ઉમેદવારે Online અરજીપત્રકમાં વિગતો ભરતા સમયે જાતિ (કેટેગરી) જે વિગત દર્શાવેલ હશે તે અરજી પત્રક Confirm થયેથી જાતિ (કેટેગરી)માં પાછળથી ફેરફાર કરવાની વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં.

(૨) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ્દ ગણવામાં આવશે.

(૩) ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/ પુરાવા રજૂ કરવાના રહેશે.

(૪) જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દેસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતાં હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણુંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી

કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પત્ર થવા ઉપરાંત – (ક) તે જે પરીક્ષાની ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) સીધી પસંદગી માટે લેવાતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (ખ) (૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોઈ અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૬) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલી જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરી શકાશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણુંક થયેલી હશે તો પસંદગી/નિમણુંક, મંડળ/નિમણુંક કરનાર સત્તાધિકારી દાવર કોઈ પણ તબક્કે 'રદ' કરવામાં આવશે.

(૭) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતોવખત સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલા ભરતી નિયમોને આધીન રહેશે.

(૮) ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023 અધિનિયમ, માર્ચ-૨૦૨૩ થી અમલી કર્યો છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લિખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે .

આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક અધિકાર રહેશે અને/મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તા. ૦૧/૦૧/૨૦૨૬**

**સ્થળ : સુરત**